'જેનું કામ તે જ કરે'ના સિદ્ધાંતની માંગ | 'ભરતી તો પૂર્ણ... પણ કામ કોના હવાલે ?' જોબચાર્ટની સ્પષ્ટ વહેંચણીનો અભાવ

# આણંદ જિલ્લાના તલાટી કમ મંત્રી દ્વારા મહેસૂલી કામગીરીનો બહિષ્કાર કરાયો

**જનતાને હાલાકી** ન પડે તે માટે જન્મ-મરણ નોંધણી અને ડિઝાસ્ટર કામગીરી યથાવત રખાશે


તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૩

રાજ્ય સરકાર સામે લાંબા સમયથી ચાલી રહેલા જોબ ચાર્ટની સ્પષ્ટ વહેંચણીના પ્રશ્ને હવે નિર્ણાયક લડત શરૂ કરવામાં આવી છે. સરકારે મહેસૂલી તલાટીઓની ભરતી પૂર્ણ કરી નિમણૂક પત્રો એનાયત કર્યા હોવા છતાં, મહેસૂલી તલાટી, ગ્રામસેવક (ખેતી) અને તલાટી-કમ-મંત્રી વચ્ચે કામગીરીનું સ્પષ્ટ વિભાજન ન થતા વિવાદ વકર્યો છે. પરિણામે, રાજ્યભરના તલાટીઓએ શુક્રવારના રોજ મહેસૂલી વિભાગની તમામ કામગીરી સદંતર બંધ કરવાનો નિર્ણય લીધો છે.

મહામંડળના જણાવ્યા મુજબ, આ પ્રશ્નના ઉકેલ માટે અગાઉ થયેલી હડતાળ બાદ રાજ્ય સરકારે 1લી સપ્ટેમ્બર,2022 અને 2જી માર્ચ, 2023ના રોજ ઉચ્ચ સ્તરીય સમિતિઓની રચના કરી હતી. આ સમિતિઓને ત્રણેય કેડરની કામગીરીની વહેંચણી અંગે અભ્યાસ કરીને ભલામણ કરવાની જવાબદારી સોંપાઈ હતી, પરંતુ લગભગ ચાર વર્ષ બાદ પણ કોઈ સ્પષ્ટ નિર્ણય જાહેર કરવામાં આવ્યો નથી. આ દરમિયાન નવી ભરતીઓ થવા છતાં કામગીરીનું વિતરણ ન થતા વહીવટી ગૂંચવણો વધી છે. આ આંદોલનના ભાગ રૂપે મહેસુલી કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે, જ્યારે પ્રજાને અગવડ ન પડે તે માટે જન્મ-મરણની નોંધણી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંબંધિત તમામ કામગીરી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.

### ડિજીટલ ક્રોપ સર્વેમાં ગંભીર છબરડાની ભીતિ

આ લડત માત્ર કર્મચારીઓના હિતની જ નથી, પરંતુ સામાન્ય નાગરિકો અને ખેડૂતો સાથે પણ સીધી જોડાયેલી છે. તેનું સૌથી મોટું ઉદાહરણ ડિજીટલ ક્રોપ સર્વે છે. હાલમાં કોમ્પ્યુટર ઓપરેટરો ખેતરોમાં જઈને ફોટા અપલોડ કરે છે અને તેનું અંતિમ વેરિફિકેશન તલાટી-કમ-મંત્રી પાસે કરાવવામાં આવે છે. આથી, મહામંડળનો આક્ષેપ છે કે, ખેતી વિષયના નિષ્ણાત ગ્રામસેવક (ખેતી) ઉપલબ્ધ હોવા છતાં આ જવાબદારી બિન-અનુભવી તલાટીઓને સોંપવામાં આવે છે. જો પાકની ખોટી ઓળખ કે વેરિફિકેશન થાય તો ભવિષ્યમાં પાક નુકસાનના સર્વે, કુદરતી આપત્તિ સહાય અને વીમા યોજનાઓમાં ખેડૂતોને મોટું નુકસાન થઈ શકે છે.

આયુષ્માન કાર્ડની ખામીયુક્ત કામગીરીથી ગરીબ દર્દીઓ પરેશાન

# બાલાસિનોર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પાયાની સુવિધાનો અભાવ

**જનરેટર,** પૂરતા બેડ અને એસી સર્વિસના અભાવે સારવાર પર માઠી અસર



(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૩

બાલાસિનોર સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે જીવનદાયી ગણાતી ડાયાલિસિસ સારવાર લેતા દર્દીઓ હાલ અનેક ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. હોસ્પિટલ તંત્રની કથિત ઉદાસીનતા અને પાયાની સુવિધાઓના અભાવે દર્દીઓ તેમજ તેમના પરિવારજનોમાં ભારે ચિંતા અને રોષની લાગણી ફેલાઈ છે.

માહિતી મુજબ, ડાયાલિસિસ વિભાગમાં જનરેટરની પૂરતી સુવિધા નથી, જેના કારણે વીજ પુરવઠો ખોરવાય ત્યારે દર્દીઓની સારવાર જોખમમાં મુકાય છે. આ ઉપરાંત, વિભાગમાં નિયમિત AC સર્વિસ થતી નથી અને પૂરતા બેડની વ્યવસ્થા ન હોવાથી લાંબા સમય સુધી સારવાર લેતા દર્દીઓને ભારે શારીરિક યાતના ભોગવવી પડે છે. દર્દીઓનો આક્ષેપ છે કે હોસ્પિટલના અધિક્ષકની બેદરકારીને કારણે વારંવારની રજૂઆતો છતાં કોઈ ઉકેલ આવતો નથી.

ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ આયુષ્માન કાર્ડ યોજનાની કામગીરી પણ અહીં ખોરવાઈ છે. આરોગ્ય મિત્રની ગેરહાજરી અને દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે કામગીરી બંધ રહેતી હોવાથી જરૂરિયાતમંદ દર્દીઓ સારવારથી વંચિત રહી જાય છે.

# નાવલી NCC એકેડમીમાં ફાયરિંગ પ્રેક્ટિસને પગલે પ્રતિબંધ જાહેર

**એકેડમી** આસપાસ ૨૦મીથી ૨૯મી જુલાઇ દરમિયાન લોકો અને પશુઓની અવરજવર પર મનાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદ જિલ્લાના નાવલી ખાતે આવેલી એનસીસી લીડરશીપ એકેડમીમાં આગામી વાર્ષિક ફાયરિંગ પ્રેક્ટિસ કેમ્પના આયોજનને ધ્યાને રાખીને સુરક્ષાના ભાગરૂપે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ અંતર્ગત નિર્ધારિત તારીખો દરમિયાન એકેડમીની આસપાસના નિર્દિષ્ટ વિસ્તારમાં જનતા અને પશુઓની હેરફેર પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

આણંદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ લલિતકુમાર એ. પટેલે બહાર પાડેલા જાહેરનામા અનુસાર, નાવલી એનસીસી એકેડમી ખાતે ૨૦મીથી ૨૯મી જુલાઈ સુધી ફાયરિંગ પ્રેક્ટિસ યોજાશે. આ સમયગાળા દરમિયાન સુરક્ષા જળવાઈ રહે તે માટે આણંદ (રૂરલ) પોલીસ સ્ટેશનની હદમાં આવતા એકેડમીના એક કિલોમીટરના વિસ્તારમાં માણસો અને પશુઓની અવરજવર તેમજ જાહેર ઉપયોગ માટેના માર્ગો બંધ રાખવા ફરમાવવામાં આવ્યું છે. આ જાહેરનામાની કડક અમલવારી કરવા જણાવવામાં આવ્યું છે. જો કોઈ પણ વ્યક્તિ આ પ્રતિબંધિત સમયગાળા દરમિયાન નિયમોનો ભંગ કરશે, તો તેની વિરુદ્ધ શિક્ષાત્મક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મહીસાગર નદીના પટમાંથી ગેરકાયદે ખનની પ્રવૃત્તિએ માઝા મુકી

# ઉમરેઠના શીલીમાં ખનીજ માફિયાઓ પર દરોડો, ૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**મામલતદારની** ટીમના દરોડામાં જેસીબી અને હોડીઓ સહિતના સાધનો કબજે લેવાયા





(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના શીલી ગામમાં મહીસાગર નદીના પટમાં ચાલતા ગેરકાયદેસર માટી ખનન પર વહીવટી તંત્રે લાલ આંખ કરી છે. કલેક્ટર પ્રવીણ ચૌધરીની સીધી સૂચના અને નિવાસી અધિક કલેક્ટર શ્રી લલિતકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ મામલતદારની ટીમે આકસ્મિક દરોડા પાડી અંદાજે 70 લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેના પગલે ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે,

ઉમરેઠ મામલતદાર અને તેમની ટીમે શીલી ગામે મહીસાગર નદીના પટમાં ગેરકાયદેસર રીતે માટીનું ખનન થતું હોવાની બાતમીના આધારે આકસ્મિક તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન સ્થળ પર ગેરકાયદે ખનન થતું હોવાનું માલૂમ પડતા તંત્રએ તાત્કાલિક અસરથી મશીનરી અને હોડીઓ કબજે લીધી હતી. આ સમગ્ર મુદ્દામાલ ખાણ અને ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટરને સોંપી દેવામાં આવ્યો છે.

આ દરોડામાં 01 જેસીબી મશીન, 02 મોટા બાજ, 02 નાની હોડી મળી કુલ અંદાજિત 70 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ અંગે વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે આગામી દિવસોમાં પણ આ પ્રકારની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ, કોઈપણ જાતની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે ખનન પ્રવૃત્તિ કરનારા તત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# વીરપુરમાં બે સ્થળે વીજળી પડતા ત્રણ પશુના કરુણ મોત

**મહીસાગર** જિલ્લામાં સૌથી વધુ ૨ ઇંચ વરસાદ વીરપુરમાં નોંધાયો

(પ્રતિનિધિ) વીરપુર તા.3

વીરપુર તાલુકામાં ગુરુવારે મોડી સાંજે ગાજવીજ અને કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. આ કુદરતી આફત દરમિયાન તાલુકાના બે અલગ-અલગ ગામોમાં વીજળી પડવાની ઘટના બની હતી, જેમાં ત્રણ પશુઓના મોત નિપજતા પશુપાલક પરિવારો પર આર્થિક આફત આવી પડી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વિરપુર તાલુકામાં ગુરુવારે સાંજે વાતાવરણમાં પલટો આવ્યા બાદ વીજળીના ચમકારા સાથે વરસાદી માહોલ જામ્યો હતો. આ દરમિયાન પાસરોડા ગ્રામ પંચાયતના જશુપગીના મુવાડા ખાતે રહેતા પગી રતીભાઈ અભુભાઈની એક ગાય પર વીજળી પડતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બીજી તરફ, કોયડમ ગામના નાનસલાઈ વિસ્તારમાં પણ વીજળી ત્રાટકતા બારિયા રાયસીંગભાઈ વાઘાભાઈની બે ગાયોના મોત થયા હતા.

મહીસાગર જિલ્લામાં સૌથી વધુ 52 મીમી (આશરે ૨ ઇંચ) વરસાદ વિરપુર તાલુકામાં નોંધાયો છે. વરસાદને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી, પરંતુ વીજળીના કારણે પશુઓના મોતના સમાચારથી સમગ્ર પંથકમાં શોક વ્યાપી ગયો છે. અસરગ્રસ્ત પશુપાલકોને વહેલી તકે સરકારી સહાય મળે તે માટે માગણી ઉઠી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઇ



**આણંદ |** કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી દ્વારા યોગ દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા માટે યોગ ગરબા, યોગાસન અને સૂર્યનમસ્કાર જેવી વિવિધ પ્રવૃત્તિઓનું સપ્તાહભર આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીની એન.એસ. એસ. ટીમ અને વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓએ જિટોડિયા ખાતે આયોજિત જિલ્લા કક્ષાના સામૂહિક યોગ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉજવણીના વિશેષ આકર્ષણ રૂપે યોગ નિષ્ણાત દીપ્તિ વડોદરિયાના માર્ગદર્શન હેઠળ 'યોગ ગરબા' યોજાતાં હતાં.

### સંતરામપુરની નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં ઉત્સાહભેર 'પ્રગતિનો પ્રવેશોત્સવ' ઉજવાયો

**સંતરામપુર |** સંતરામપુરની નરસીંગપુર શાળામાં પૂર્વ અધ્યક્ષ જયપ્રકાશ પી. પટેલની અધ્યક્ષતામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-1 તથા 6ના કુલ 50 નવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ આપી કુમકુમ તિલક સાથે આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર 44 તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો આપી સન્માનિત કરાયા હતા અને મુખ્ય મહેમાને વાલીઓને બાળકોને નિયમિત શાળાએ મોકલવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન રમેશકુમાર ચૌહાણે કર્યું હતું.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ખાનપુરની હાઈસ્કૂલમાં જિલ્લા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં 'શાળા પ્રવેશોત્સવ' ઉજવાયો




**ખાનપુર |** મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર દ્વારા ધોરણ ૯ અને ૧૧ના કુલ ૩૫૪ નવા વિદ્યાર્થીઓને ઉત્સાહભેર પ્રવેશ અપાયો હતો. ડ્રોપ આઉટ થયેલા ૩૦ વિદ્યાર્થીઓને પુન: પ્રવેશ આપી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવાનો એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરાયું અને વિદ્યાર્થીઓની સુવિધા માટે નવી બસ સેવાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

### વિરણીયાની સ્કૂલમાં ધારાસભ્યની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો

**લુણાવાડા |** લુણાવાડાના વિરણીયા સ્થિત 'ધી ન્યુ ઈંગલિશ સ્કૂલ' ખાતે વર્ષ ૨૦૨૬ના 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી ઉત્સવ'ની ભવ્ય અને ઉત્સાહપૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે શાળામાં પ્રવેશ મેળવનાર નાના ભૂલકાઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી કન્યા કેળવણી પર વિશેષ ભાર મૂક્યો હતો. શાળાના આચાર્ય રાકેશ પટેલ અને સ્ટાફ દ્વારા મહાનુભાવોનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને શિક્ષણનો વ્યાપ વધારવાના આશય સાથે આ કાર્યક્રમ યોજાયો હતો.



### આણંદની ખોબલીપુરા પ્રાથમિક શાળાના પ્રવેશોત્સવમાં ૧૫ દીકરી શિક્ષણ સાથે પુન: જોડાઇ



**આણંદ |** ખોબલીપુરા (કુંજરાવ) શાળામાં આંગણવાડી અને ધોરણ-૧ના બાળકોને શૈક્ષણિક કીટ આપી હર્ષોલ્લાસ સાથે પ્રવેશ અપાયો હતો. આચાર્ય વિજયભાઈ ભોઈએ શિક્ષણ છોડી ગયેલી ૧૫ વિદ્યાર્થિનીઓને GOSS પોર્ટલ દ્વારા ધોરણ-૯ અને ૧૦માં ઓપન સ્કૂલમાં પ્રવેશ અપાવી પ્રેરણાદાયી કાર્ય કર્યું હતું. આ દીકરીઓને ચોપડા અને પેનનું વિતરણ કરી શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને તેમને નિયમિત અભ્યાસ કરવા પ્રોત્સાહિત કરાઈ હતી. ગામની ૩૮ મહિલાઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં હતાં.

### પેટલાદના સીંહોલ ગામમાં કેડીસીસી બેંકના નવા એટીએમની સુવિધા ઉભી કરાઇ

**પેટલાદ |** પેટલાદના સીંહોલ ગામે રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઇ પટેલ અને ચેરમેન તેજસકુમાર પટેલના વરદ હસ્તે કેડીસીસી બેંકના નવનિર્મિત ATMનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સુવિધાથી ગ્રામજનોને ૨૪*૭ પોતાના જ ગામમાં વિનામૂલ્યે નાણાં ઉપાડવાની સરળતા રહેશે, જેનાથી સમય અને ખર્ચમાં ઘટાડો થશે. ડિજિટલાઇઝેશનના ભાગરૂપે બેંક આગામી સમયમાં ૧૦૦થી વધુ સ્થળોએ ATM અને માઇક્રો ATM કાર્યરત કરી 'સહકારથી સમૃદ્ધિ'નું વિઝન સાકાર કરશે.




### આણંદના બાકરોલની SPCAM કોલેજમાં છ દિવસીય 'ઓરિએન્ટેશન પ્રોગ્રામ' યોજાયો

**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સંચાલિત SPCAM કોલેજમાં BCA અને BBAના દ્વિતીય-તૃતીય વર્ષના વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યાવસાયિક ઉત્કર્ષ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ ડો.દર્શન ચોક્સી અને ડો. યોગેશ જોશીએ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ, કારકિર્દી નિર્માણ અને જીવનમૂલ્યો અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ છ દિવસીય આયોજનમાં એકેડેમિક સક્સેસ સત્રો, સર્જનાત્મક વર્કશોપ્સ, ફિલ્મ સ્ક્રીનિંગ અને અમદાવાદ-વડોદરાની ઔદ્યોગિક મુલાકાતો દ્વારા વિદ્યાર્થીઓને વ્યવહારુ જ્ઞાન આપવામાં આવ્યું હતું. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ તથા ટ્રસ્ટી મંડળે શુભેચ્છાઓ પાઠવી હતી.



### નડિયાદના છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર ખાતે 'વૃક્ષારોપણ દિવસ'ની ઉજવણી કરાઇ

**નડિયાદ |** સહકાર સપ્તાહની ઉજવણીના ભાગરૂપે નડિયાદ સ્થિત સહકારી વ્યવસ્થાપન કેન્દ્રમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ કેન્દ્રના પ્રિન્સિપાલ શીતલકુમાર ભટ્ટના અધ્યક્ષ સ્થાને અને અલ્પાબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. જેમાં પંચાયત સભ્ય સમીરભાઈ પટેલ અને અધ્યાપક ઉદેસિંહ વાઘેલા સહિત કેન્દ્રના તમામ કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. ઉપસ્થિત મહાનુભાવો અને તાલીમ કેન્દ્રના સ્ટાફ દ્વારા વિવિધ છોડનું વાવેતર કરીને પર્યાવરણ જતનના સંદેશ સાથે દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



### નડિયાદમાં ડોક્ટર્સ ડે નિમિત્તે નિ:શુલ્ક પેપ સ્મીયર કેમ્પમાં ૧૦૦થી વધુ મહિલાઓએ લાભ લીધો



**નડિયાદ |** મહાગુજરાત મેડિકલ સોસાયટી અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી ૧ જુલાઇના રોજ દિનશા પટેલ નર્સિંગ કોલેજમાં આ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં સ્ત્રીઓને થતા ગર્ભાશયના મુખના કેન્સરના વહેલા નિદાન માટે 'પેપ સ્મીયર' ટેસ્ટ નિષ્ણાત તબીબો દ્વારા વિનામૂલ્યે કરવામાં આવ્યો હતો. આ નિદાન કેમ્પમાં ૧૦૦થી વધુ જરૂરિયાતમંદ મહિલા દર્દીઓએ તપાસ કરાવી આ સેવાનો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. ડો. ભાવિક શેલત, ડો. સીમરન લાખાણી અને ડો. વૈશાલી વસાવડા સહિતના અગ્રણી તબીબોની ઉપસ્થિતિમાં આ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### માતરમાં મજૂર કામદાર સહકારી મંડળીની ૭૧મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ



**માતર |** માતર તાલુકા મજૂર કામદાર સહકારી મંડળીની ૭૧મી વાર્ષિક સાધારણ સભા પૂર્વ ધારાસભ્ય રાકેશભાઈ રાવના અધ્યક્ષસ્થાને મંડળીના સભાખંડમાં મળી હતી. મંડળીના મેનેજર અરુણભાઈ શર્માએ રજૂ કરેલા ગત વર્ષના હિસાબો અને આગામી વર્ષના અંદાજિત બજેટને સભાસદોએ સર્વાનુમતે મંજૂર કર્યું હતું. આ પ્રસંગે રાકેશભાઈ રાવે શ્રમિકો માટે આશીર્વાદરૂપ આવી મંડળીઓને ટકાવવા અને તેમને સરકારી કામોમાં અગ્રિમતા આપવા અંગે રજૂઆત કરી હતી. આ સભામાં વાઇસ ચેરમેન રાજેન્દ્રભાઈ સુથાર સહિત વ્યવસ્થાપક સમિતિના સભ્યો, અગ્રણીઓ અને સભાસદો હાજર રહ્યા હતા.

### ખેડા જિલ્લાની તમામ 108 અને ખિલખિલાટ વાનમાં વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

**નડિયાદ |** મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીના વિઝનને સાકાર કરવા ખેડા જિલ્લામાં ૧૦૮ સેવા દ્વારા ડોક્ટર ડે નિમિત્તે વિશેષ સફાઇ ઝુંબેશ હાથ ધરાઈ હતી. તમામ એમ્બ્યુલન્સની આંતરિક-બાહ્ય સફાઇ સાથે મેડિકલ સાધનો અને દવાઓની ભૌતિક ગણતરી કરી વાહનોને સજ્જ કરવામાં આવ્યા હતાં. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય દર્દીઓને ચેપમુક્ત અને સુરક્ષિત વાતાવરણમાં તાત્કાલિક ગુણવત્તાયુક્ત સારવાર પૂરી પાડવાનો છે. ૧૦૮ ટીમોના ઉત્સાહભેર સહયોગથી તમામ વાહનોને ૨૪x૭ ઇમરજન્સી સેવાઓ માટે સંપૂર્ણ રીતે તૈયાર કરવામાં આવ્યા છે.

